ગાંધીનગર સમાચાર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

બનીને કાવ્યરત લખવું જરૂરી છે .
લખી , ભૂંસી ,પરત લખવું જરૂરી છે.
અચાનક કાવ્ય પંક્તિઓ મળી આવે,
અને આવે તરત લખવું જરૂરી છે.
સદા તમને ખુશીઓ આપવા માટે,
કદી થોડું ગલત લખવું જરૂરી છે.
બરાબર વાત કરવામાં પડે અડચણ,
પછી ભૂલી શરત લખવું જરૂરી છે.

- રિયાઝ દામાણી

પાથેય

- રમેશ ઠક્કર

લખવાની લત અને કાર્યરત !

વાચનની વાટે વિહરતા ઘણીવાર એવું થાય છે કે કેટલા બધા લોકો કેટલું સરસ લખી રહયા છે..આપણે ફકત વાંચ્યા જ કરીએ..!આપણી ભાષામાં એટલા બધા સમૃધ્ધ લેખકો અને કવિઓની યાદી છે કે એમાંથી એકાદને પણ પુરેપુરા વાંચીએ અને આત્મસાત કરીએ તો પણ બેડો પાર થઈ જાય..! આપણે ના લખીએ તો પણ ચાલે..આજે સવારે જ અનાયાસ "સત્યના પ્રયોગો" નું પાનું ફેરવ્યું..પ્રકરણ હતું "લોર્ડ કર્ઝનનો દરબાર " અને સડસડાટ વાંચવાનું ચાલ્યું...આટલું સરળ છતાં વૈભવશાળી ગુજરાતી ગાંધીજી સહજપણે કઈ રીતે લખી શકયા હશે ! અને એ પણ પંડિતયુગના પ્રચુર પ્રભાવના જમાનામાં!

નિરંજન ભગત કહેતા કે 'કોઈપણ કૃતિને નિરાંતે વાંચી એને આપણામાં ઉગવા દેવી જોઈએ..' આ એક પ્રોસેસ છે કૃતિને માણવાની...ખેતરમાં અનાજ વાવ્યા પછી કુંપળો ફૂટવાની પ્રતીક્ષા કરવી પડે છે..અને પુરતી માવજત પછી જે ઉગે છે..જે આહલાદક હોય છે..સહજપણે અવતરતી રચનાઓ કોઈ સંરચનાની મોહતાજ નથી હોતી..વાચનના જુદા જુદા આયામો હોય છે..જેમ દરેક વ્યક્તિની ચાલવાની અલગઅલગ ઢબ હોય છે એમ દરેકની વાચનયાત્રા પણ અલગ હોય છે. આપણે ત્યાં લેખકોનો મહિમા થાય છે પણ જયારે વાચકોની પણ વધામણી થશે ત્યારે સાહિત્ય સોળે કળાએ ખીલી ઉઠશે...

એક ની એક કૃતિ અલગઅલગ ભાવકના મનોજગતમાં જુદા જુદા રૂપે નીખરે છે..જેમ એક જ પ્રકારનું બીજ ભિન્ન ભિન્ન ખેતરમાં જુદા જુદા સ્વરૂપે પ્રગટે છે..!એક જ ગીત જુદા જુદા કંઠે પ્રગટે એમ જ..! આપણી આસપાસ સમકાલીન સાહિત્યકારોમાં કેટલાક એવું અદ્ભુત લખતા હોય છે કે ઘડીભર આપણને એમ થાય કે આપણે લખવાની કોઈ જરૂર જ નથી...આમાં કોઈએ નાસીપાસ થવાની વાત નથી, કે નથી કોઈ પલાયનવાદ..પણ આવું ઘણીવાર સહજ થઈ આવતું હોય છે .મોટાભાગે લેખકો ઉલેચેલું પાણી જ ફરીથી ઉલેચતા હોય છે..પણ સાહિત્યમાં "રીમીક્ષ " જેવું હોતું નથી..."વોઈસ ઓફ મેઘાણી " કે "છોટે મડિયા " ના હોય ! વૃક્ષની જેમ સર્જકતા પણ અલગ અલગ અંદાજમાં ફેલાતી હોય છે...મ્હોરી ઉઠતી હોય છે..આજે ફાટફાટ થતો સર્જક ઘણીવાર અમુક સમય પછી વિલાઈ જાય છે..આજે સાધારણ લાગતો લેખક યુગપ્રવર્તક પણ બની જાય...આવાં ઘણાં ઉદાહરણો છે..જેમ કે પન્નાલાલ પટેલે લખવાનું શરૂ કર્યું ત્યારે રમણિક અરાલવાલા નામના લેખકની જબરી બોલબાલા હતી..એમને થતું કે આવા લખવાવાળા હોય ત્યાં આપણો શું ગજ વાગવાનો..! પણ એ પછી જે ઈતિહાસ રચાયો એ જાણીતો છે..

આવું જ રમેશ પારેખના શરૂઆતના સમયમાં પણ બનેલું..એ વખતે કેટલી જાણીતી કલમો જબરજસ્ત રીતે જમાવટ કરતી...નામો ઘણાં છે પણ ર.પા. માઈલસ્ટોન છે..એ જ રીતે ર.પા.ની નકલ કરવાવાળા કવિઓની પણ એક અલગ કથા છે.. હમણાં એક સંશોધનમાં જાણવા મળ્યું કે ક.મા.મુનશી જયારે સોળે કળાએ મ્હોરી રહ્યા હતા ત્યારે અનેક લેખકોએ કલમ મ્યાન કરી દીધી હતી..એ સંખ્યા સાડીત્રણસો થી વધારે થવા જાય છે..! એમાંથી એકાદ બે પણ જો મુનશીના ઘોડાપુરને પાર કરી ગયા હોત તો..! આવી લઘુતા પણ નકામી જ ગણાય..

કહેવાય છે કે લેખન ઉપર હંમેશાં કોઇનો પ્રભાવ હોય જ છે..પણ પોતાની લેખનકળાનો એની સામે પરાભવ ન થવા દેવો એ પણ જરૂરી છે. ઘણીવાર લેખકની દુનિયા ધીમેથી ઉઘડતી હોય છે..હળવેથી વિસ્તરે છે. અને પછી અનાયાસ ઘટાટોપ બની છવાઈ જાય છે...આપણે કશુંક સાર્થક લખી શકતા હોઈએ તો અચુક લખવું જોઈએ .પરંતું જયાં સુધી સારૂં વાંચવા મળતું હોય ત્યાં સુધી એનો પણ આનંદ લૂંટવા જેવો છે..ભરપૂર વાચન એ થોડાક લેખન માટેનું ભાથું બની જતું હોય છે..વાચનના પરિશ્રમ વગર લખવાનું શરૂ કરતો માણસ નેટ પ્રેકટિસ વગર મેદાનમાં ઉતરતા ખેલાડી જેવો હોય છે..અને એટલે જ ઘણીવાર સારા સર્જકો લેખનનું બ્રહ્મચર્ય પાળી વાચનના મૌનમાં તલ્લીન થઈ જતા હોય છે...

મહાનાયકોની ઈમેજ અકબંધ રાખીએ

તંત્રીસ્થાનેથી...

પૌરાણિક થીમ પર નવી કલ્પનાઓ ઉમેરીને નવલકથાઓ લખાતી રહી છે. ઐતિહાસિક પાત્રો વિશેની દંતકથાઓ સાચી માની લઈ એમના ઉપર ફિલ્મો પણ બનતી રહી છે. 'બાહુબલી' ની સફળતા પછી કે 'પદમાવત્' ના વિવાદ પછી પણ એ સિલસિલો અટક્યો નથી. દક્ષિણ ભારતના પ્રચંડ રાજવી પર મણિરત્નમની મહત્ત્વાકાંક્ષી ફિલ્મનો પ્રથમ ભાગ આવી રહ્યો છે. લોકોનો અતીતરાગ બહુ જ તીવ્ર છે. પોતાના પ્રદેશ અને પૂર્વજોની ગરિમા અને ભવ્યતા વિશે કોને અભિમાન ન હોય ? એટલે આપણા ફિલ્મ સર્જકો આવા વિષયો પર ઘણું ઊંડું સંશોધન કરાવે છે. એ માટે મોંઘાદાટ સેટ તૈયાર કરે છે. સ્ટુડિયોમાં જ શૂટીંગ થયું હોવા છતાં 'ચાણક્ય' જેવી ટીવી સીરીયલ જોનારને તો એમ જ લાગે કે એ મુંબઈમાં નહીં પણ પ્રાચીન પાટલિપુત્રમાં વિહાર કરી રહ્યો છે. રામાનંદ સાગરની ખૂબ જ લોકપ્રિય બનેલ 'રામાયણ'નું શૂટિંગ ઉમરગામ પાસે થયું હતું પણ શ્રદ્ધાળુઓ માટે તો એ અયોધ્યાથી લઈ લંકા સુધીની વાસ્તવિકતા જ બની રહ્યું હતું. 'રામાયણ'નાં પાત્રો જાણે સાચોસાચાં હોય એમ પ્રેક્ષકો માટે તો એ સિરિયલ બનાવીને પછી કચડકાની દુનિયામાંથી ફેંકાઈ ગયેલાં કિરદાર આજે પણ 'પૂજનીય' બની રહ્યાં છે. અરુણ ગોવિલ જિન્સ પહેરે છે તે લોકોને નથી જચતું. દીપીકા ચીખલિયાને આધુનિક વસ્ત્રોમાં જોઈને એમની આંખોમાં વસી ગયેલી 'રામાયણ' વાળી સીતાને ફરી વાર ધરતીમાં સમાઈ જવાનું મન થતું હશે. હમણાં 'આદિપુરુષ' શીર્ષક હેઠળ બની રહેલી દક્ષિણના અભિનેતા પ્રભાસ અને સૈફ અલીખાનનાં કિરદાર વાળી મહત્વાકાંક્ષી ફિલ્મનું ટીઝર ચર્ચાસ્પદ બન્યું છે. એમાં રામના પાત્રને મૂછો છે; રાવણનું પાત્ર ભજવતા સૈફ અલીખાનનો હૂલિયો કોઈ મોગલ બાદશાહ કે ટીકાકારો કહે છે એમ અલાઉદ્દીન ખીલજી જેવો લાગે છે. હનુમાનને ચામડાના પટ્ટા પહેરાવ્યા છે. રામને ચાખડીને બદલે ચંપલ પહેરાવી દીધાં છે. પોતે રાવણનું પાત્ર ભજવતા અતિ ઉત્સાહી પટોડીના નવાબ અને હિંદી ફિલ્મ અભિનેત્રી શર્મિલા ટાગોરના લાડકવાયા સૈફ સામે ટીઝર અને વીએફએક્સ જોઈ જબરો ફીટકાર વરસાવાઈ રહ્યો છે. દેખીતું છે કે જનમાનસમાં આપણા પૌરાણિક નાયક-નાયિકાઓ અને દેવી-દેવતા કે દાનવ વિશેનું જે ચિત્ર પરંપરાની અંક્તિ થયેલ છે એથી અલગ અને કઠે એવી રજૂઆત કલાત્મક હોય તો પણ શ્રદ્ધાળુ જનસમુદાયને સ્વીકાર્ય નથી. રાવણ ભલે દાનવ હતો પણ હતો તો ઋષિ પુલસ્ત્યનો પુત્ર. એ પ્રખર શિવભક્ત હતો. 'આદિપુરુષ' ના રાવણને 'રામાયણ'ના અરવિંદ ત્રિવેદીને ભજવેલા રાવણ જેવું તિલક કે ત્રિપુંડ નથી. ઊલટાની એને મુસ્લિમ શાસકો જેવી દાઢી છે અને એવો લૂક પણ છે. લોકોએ 'રામાયણ' સિરિયલના 'રાવણ' ને પણ એક વિશેષ આદર સાથે જોયો હતો. 'રામ' માટે 'શ્રી' વાપરતા સમાજને સમક્ષ એ ઊકળી ઊઠે છે : 'શ્રી મત કહો !' - આ મિથ્યાભિમાન રજૂ કરતું ખલપાત્ર અરવિંદ ત્રિવેદીએ એની આસાયેશથી જીવી બતાવ્યું હતું કે એને સિરિયલના મહાનાયક - રામના પાત્ર કરતાં પણ વિશેષ મહત્ત્વ મળવા લાગ્યું હતું. અરવિંદ ત્રિવેદી જીવતા હોત તો સૈ અલીને રાવણનું પાત્ર ભજવતો જોઈ એ બેહોશ થઈ જાત. ભીષ્મનું પાત્ર સફળતાપૂર્વક ભજવનાર મૂકેશ ખન્ના, રામનું પાત્ર ભજવનાર અરુણ ગોવિલ અને સીતાનું પાત્ર ભજવનાર દીપિકા વગેરેએ એમનો સ્પષ્ટ વિરોધ નોંધાવ્યો જ છે; લક્ષ્મણનું પાત્ર ભજવનાર અભિનેતાનો પુણ્યપ્રકોપ પણ સોશિયલ મીડિયા પર અંકિત થયો છે. મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રથી લઈ અયોધ્યાના રામજન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી સુધીના મહાનુભાવોએ ફિલ્મ 'બેન' કરવાનો અભિપ્રાય આપ્યો છે. હજી તો ફિલ્મની 'પ્રોસેસ' ચાલુ છે; એ થિયેટરના પડદા પર જશે એ પહેલાં એની સામે હિંદુ પ્રજામાં જે ઊહાપોહ ઊભો થશે તે કલ્પનાતીત હશે. એમાં રાજકારણ પણ ભળશે. વિવાદો ઊભા કરીને પબ્લિસિટી મેળવવાની નકારાત્મક રીત અજમાવવાનો પ્રયાસ કરતા હશે તો પણ ફિલ્મમેકર અને એનાં પાત્રો ખાંડ ખાય છે. હિંદુ સમાજને હીણો ચીતરવામાં જ જો આ લોકોને મજા આવતી હશે તો હિંદુ અસ્મિતાનો વિસ્ફોટ થતાં વાર નહીં લાગે. ધર્મશ્રદ્ધા પર આંગળી ઉઠાવવાની સરકાર પણ હિંમત ન કરી શકતી હોય તો આ નાચણિયાં કૂદણિયાંની શી વિસાત ?

સમસ્યા વિનાની જિંદગીનું કલ્પન શક્ય છે ખરું?

પમરાટ
મિત્તલ પટેલ

તમે સમસ્યા વિનાની જિંદગીની કલ્પના કરી છે ખરી?? સમસ્યા જીવનમાં હોવી એ પ્રશ્ન નથી. પ્રશ્ન ત્યારે થાય છે જ્યારે સમસ્યાને તમે સાથે લઈને જીવો છો, સમસ્યામાં તમે ગરકાવ થાવ છો,સમસ્યાને તમે પોતાનાં પર હાવી થવા દો છો. પાણીમાં રહેલી અશુદ્ધિઓ કમળને સ્પર્શે છે ખરી?? બગલો કાદવમાં ,માટીમાં રહેતો હોવા છતાં કદી તેનાં સફેદ પોત પર ડાઘા પડેલાં જોયા છે??

જિંદગી આપણી કલ્પનાના કેનવાસ પર ચીતરેલી નથી હોતી. તેનું પોતાનું પોત છે. પોતાના રંગો છે. પોતાનું આખેઆખું એક મેઘ ધનુષ છે. બધા જ રંગો આપણને અનુકૂળ ,આપણને ગમે તેવા જ હોય એ જરૂરી નથી. અને તે ખરબચડાપણા,અતરંગીપણા માં જ તેની સુંદરતા છે ,મર્મ છે. અટપટાપણુ અને ગુઢતા એ જીવન નો સ્વભાવ છે. તેમાં ખુપ્યા વગર તેને પામી, માણી કે જાણી શકાય જ નહીં. આ માર્ગમાં એક બેટરી હંમેશા પોતાની સાથે રાખજો. હકારાત્મકતા ની. અને તેને અંતરાત્માના અવાજ રૂપી ઉર્જાથી હંમેશા ચાર્જ રાખજો. તો ક્યારેય તમે જીવનમાં કોઈ સમસ્યા નહીં થાય.

જીવનમાં મુશ્કેલી ,તકલીફ હોવી અને તેની સમસ્યા આપણને થવી બંને અલગ વસ્તુ છે. કેટલાક લોકોને જીવનમાં કેટલીય આર્થિક ,સામાજિક, માનસિક શારીરિક મુશ્કેલીઓ હોય છે. પણ તે તો સતત સારા કાર્યોમાં વ્યસ્ત રહી, પ્રસન્નચિત્ત જ રહેતાં હોય છે. તેમના સંપર્કમાં આવતી કોઈપણ વ્યક્તિ ક્યારેય કળી ન શકે કે આ વ્યક્તિનાં જીવનમાં આટલી બધી તકલીફો હશે. તમારા જીવનમાં આવતી મુશ્કેલીઓને જો તમારા જીવન પ્રવાહમાં, તમારી પ્રસન્નતામાં તમે દખલરુપ થવા દો, સ્પર્શવા થવા દો તો જ તે તમારા માટે સમસ્યારૂપ બનશે. બાકી તો સમય પર છોડી દેશો તો તે તો આવશે ને જશે. આપણે તો સતત પોઝીટીવ, સતત પોતાના કર્મમાં વ્યસ્ત અને "જીવવામાં"મશગુલ, તનમય રહીએ તો તકલીફોને પણ આપના આનંદથી ઈર્ષા આવશે.

ધ્રુવ ભટ્ટની અહીં થોડી પંક્તિઓ યાદ આવે છે...

મુઠ્ઠી ભરીને વ્હાલ વહેંચતા રહો, ને ભલે આપણી હથેળી હોય ખાલી...
દરિયાને પૂછવાનું ટાળજો કે ભાઈ તને ભરતી ગમે કે ઓટ વ્હાલી..
પંખી તો કોઈનેય કહેતું નથી કે એને પીછા માં સાચવ્યું છે શું....
મારામાં આરપાર સાત સાત દરિયા અને દરિયામાં આરપાર તું....

નદી જેમ તળીએ માટી, રેતી, પથ્થર કંઈ કેટલાય કચરા ધરબીને ખળખળ વહેતી , આ બધાથી સાવ નિર્લેપ રહી આગળ વધતી જાય છે. બસ આમ જ બધી તકલીફો મુશ્કેલીઓને ધરબી દઈ આપણે મસ્ત મોલા ની જેમ જ પ્રસન્નતા વહેંચતા આત્મીયતા થી જીવી જવાનું છે.

ગુસ્સો આવવો, દુઃખ થવું, સારું ફીલ થવું, ખુશી થવી તકલીફ થવી, એ માનવ સહજ સંવેદના ઓ છે. ને સહજ છે. તમને ક્યારેય દુઃખ નહીં જ થાય. એવું તો શક્ય જ નથી પણ તમારાં મનની શાંતિ ને ડહોળે એ ન જ થવું જોઈએ. જે ભાવ જે પરિસ્થિતિ તમારા મનની શાંતિને, ભીતરના સ્વ ને ડહોળી નાખે તે હદે પોતાના પર હાવી ન થવા દેવી. તો ક્યારેય તે તમારા માટે સમસ્યારૂપ નહીં બને. સારા પુસ્તકોનું વાંચન એ જીવનના ગૂઢ રહસ્યોને સમજવા, જીવનને સાચા અર્થમાં માણવા, એક ટોનિક પૂરું પાડે છે. કારણકે તમે ઘણા બધા જીવન એક સાથે જીવો છો. ઘણા બધા અનુભવો ને એક સાથે જીવો છો જેથી પોતાના જીવનમાં આવતી મોટાભાગની મુશ્કેલી, તકલીફ અને કહેવાતી સમસ્યાઓ ના અર્થપૂર્ણ અને સાચા નિરાકરણ તેમાંથી આપણને મળી રહે છે. so keep reading keep living lively......

ફાટેલા ખિસ્સાની આડમાં મૂકી છે અમે છલકાતી મલકાતી મોજ..
એકલો ઊભું ને તોય મેળામાં હોય એવું લાગ્યા કરે છે મને રોજ,
આંખોમાં પાણી તો આવે ને જાય, નથી ભીતર ભીનાશ થતી ઓછી..
વઘઘટનો કાંઠાઓ રાખે હિસાબ નથી ,પરવા સમંદરને હોતી..
સૂરજ તો ઊગે ને આથમી એ જાય ,મારી ઉપર આકાશ એમનેમ છે..
આપણે તો કહીએ કે દરિયા શી મોજ માં ને ઉપરથી કુદરતની રહેમ છે.

-ધ્રુવ ભટ્ટ

મુલાકાત એ પણ એક પ્રમોશન જ !!

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

આજે સવારથી જ ચંદ્રંભદ્રનું લલાટ ગ્રહોના પરિવર્તનની નિશાની આપી રહ્યું હતું. ગઈકાલે જ એમણે એક અંગ્રેજીના વિદ્વાનને અંગ્રેજીમાં કહેવત જેવું વાક્ય કહ્યું હતું, "હૈરૈજ ષ્ૈઍ, ક્ષૈકૈ જ દ્વી ટ્રજૅક્ષ્ૈિક્ષ્ૈષ્ટ્રક્ષ્ન રટ્ટહ ક્ષ્ૈક્ષ્ૈષ્ટ્રક્ષ્ન.'' પણ આજે એમના ગોચરના ગ્રહો બદલાયા છે, સવારે એક બહુ મોટા અધિકારીના પીએનો ફોન આવ્યો હતો, 'સાહેબશ્રી એચડબલ્યુ, આજે મળી શકશે'. નિરંજનને ચંદ્રંભદ્રે આ એચડબલ્યુ સાહેબની કુંડળી કાઢવા કહ્યું. નિરંજને એ હતા એના કરતાં ગંભીર મોં કરીને પરિચય આપવાનું ચાલું કર્યું, "આ સાહેબ નવમા માળે બેસે છે, સાતમા આસમાન વિશેની જે દંતકથાઓ સાંભળી છે તે ભુલી જશો. એ વર્ગ-એક કરતાં પણ ઉપર કહેવાય એવા અન્ડર સેક્રેટરી સાહેબ છે. એમના કર્મખંડમાં અખંડ કર્મની અને શબ્દની અને ફાઈલની ઉપાસના ચાલતી હોય. પ્રોટોકૉલ પ્રમાણે ચાલવું પડે. સાહેબને માખી ઉડે તોયે ખોટું લાગી જાય છે. ફાઈલોની આવનજાવન વિશે કશું હળવું કે ગમ્મતમાં ના બોલાઈ જવાય એની કાળજી રાખવી પડશે. વ.વ." નિરંજન એકી શ્વાસે આ બધી સુચનાઓ આપતા હતા ત્યારે ચંદ્રંભદ્ર પોતાના બદલાઈ રહેલા ગ્રહો વિશે કશુંક વાંચી રહ્યા હતા. એમની મુદ્રા પરથી એવું લાગતું હતું કે નવમો માળ એ આકાશથી નજીક હોવાથી કોઈ વિશિષ્ટ પ્રભાવ પડી શકે કે કેમ તેનો તાળો મેળવી રહ્યા હશે. કર્કવૃત્ત પાસેથી પસાર થતા બે ગ્રહો ત્રણ દિવસથી ગાંધીનગર ઉપર આડી નજર નાંખીને બેઠા છે તેવા સંજોગોમાં આવા મોટા સાહેબને મળવાના યોગ સર્જાયા છે. ચંદ્રંભદ્રના પત્નીએ તો આખો પ્રવાસ જ અટકાવી દેવા અને પોતાના વતનમાં પાછા ચાલ્યા જવાની દરખાસ્ત કરેલી. પણ 'ડગલું ભર્યું કે ના હટવું' એવી દ્રઢ પ્રતિજ્ઞાને કારણે એમણે આ આત્મજ્ઞાનની યાત્રા ચાલું રાખવાનું નક્કી કર્યું હતું. પોતે જ્ઞાની હોવા છતાં સામેની વ્યક્તિ આગળ એ વ્યક્તિ કરતાં ઓછા જ્ઞાની છે, પોતાને વધારે સમજ પડતી હોવા છતાં સામેની વ્યક્તિ કરતાં ઓછી સમજ પડે છે, અને વિકીપીડિયા પછી અથવા ગુગલની ગહન ગુફા પછી 'સાહેબ, આપ જ છો જેની પાસે આવો જ્ઞાનનો ભંડાર છે' એવું કહેવાની માનસિકતા બાંધવાના મહાયજ્ઞની સફળતા હવે દેખાઈ રહી હતી. ચંદ્રંભદ્ર ગઈકાલે ડાયરીમાં લખ્યું હતું,

' કોઈ એવી ગેરસમજ ના કરે કે મને અહીં બહુ ઈગોથી પ્ર્દુષિત લોકો જ મળી રહ્યા છે, અહીં અનેક સજ્જનો વિશે સાંભળ્યું છે. એમને મળી જ શકાય, પણ સદશક્તિ તો આપણા ગ્રહો પ્રમાણે મળવાની જ છે અને એમને મળવાથી તો આનંદમંગલ થઈ જ શકે પણ 'ટીપીકલ' લોકોને મળવાથી જ્ઞાનવૃધ્ધિ થાય એવું એક નહીં છપાયેલા શાસ્ત્રમાં લખેલું હોવાથી મારા પોતાના જ્ઞાન કરતાં કૌશલ્યમાં વધારો થશે એવી અંધશ્રધ્ધાથી પ્રેરાઈને આ ઉપક્રમ રચી રહ્યો છું. અહીં કવિઓ છે, લેખકો છે, અને સંવેદનશીલ લોકો છે એમની કથા અને વ્યથાઓ તો વાંચી છે પણ આટલે સુધી આવ્યા છીએ તો માત્ર જોવા જેવા સ્થળો જ નહીં પણ મળવા જેવા માણસોને મળવું છે. આ ઉત્પાત સમાજને સમજવામાં મદદરૂપ થાય એટલા માટે ઉપાડ્યો છે, તો ઈશ્વર મને એ સહન કરવાની શક્તિ આપે. અસ્તુ. ચં. "

ચંદ્રંભદ્ર માનસિક રીતે મોટા સાહેબશ્રી એચડબલ્યુંને મળવાની તાલાવેલીમાં હતા. એમની જિજ્ઞાસા ધીરે ધીરે જાડી થતી હતી, કારણ અજ્ઞાનની અને ઈગોની ચરબીના દ્રશ્યો જોવાની ખેવના તીવ્ર થતી જતી હતી.

જ્યારે મિ.એચડબલ્યું ચએને હવે એચ તરીકે જ ઓળખીશુ નીચેમ્બર આગળ આવ્યા ત્યારે બે પટાવાળા અથડાઈ અથડાઈને અંદર જવાની સ્પર્ધા કરતા હોય એવું લાગ્યું. નિરંજને ચિઠ્ઠી લખી એટલે પટાવાળાએ કહ્યું, 'સાહેબ તો ખુબ જ બ્યુઝી છે, અને ગમે ત્યારે મોટા સાહેબ પાસે દોંડતા જવું પડે...' ચંદ્રંભદ્રને પુછવાનું મન થયું આટલી બધી દોંડાદોંડી કેમ ? આ ફાયરબ્રિગેડ છે.' પટાવાળાએ પોતાના ભૌગોલિક જ્ઞાનનો પ્રકાશ પાથરતાં કહ્યું, 'ના, ફાયરબ્રિગેડ તો સાહિત્ય અકાદમીની બાજુમાં આવેલું છે. અહીં તો અમારા સાહેબને અનેક પ્રકારની ગરમી-ઠંડી-અને-તોફાનોનો સામનો કરવો પડે છે'.. પટાવાળાનો જવાબ સાહિત્યિક છે એ નહીં સમજવાને કારણે ચંદ્રંભદ્રે કહ્યું, 'નિરંજન ! આપણે હવામાન ખાતાની ઑફિસે તો નથી આવી ગયાને !' આવો પ્રશ્ન સાંભળીને નિરંજને એક સરકારી ઑફિસરને શોભે એવું મૌન સેવ્યું. ચંદ્રંભદ્ર વારંવાર ખુલતા અને બંધ થતા દરવાજા તરફ આંખો લટકાવીને બેઠા હતા. અહીં પે'લા વીએમસરની ઑફિસ જેવી તુટેલી ખુરશીઓ નહોતી, સરસ સોફા હતા. એક બંધ પડેલું અથવા અરજદારો માટે બંધ રાખેલું એસી હતું, બે બિલ્કુલ નહીં વંચાયેલા અંગ્રેજી મેગેઝિન હતા. સાહેબનો આગ્રહ હતો કે પ્રતીક્ષાખંડમાં ઉચ્ચ કક્ષાના મુલાકાતીઓ આ મેગેઝિન વાંચે, પણ એવું બનતું નહીં.

પટાવાળાઓના હલનચલન ઉપરથી ખબર પડી કે અંદર બેઠેલા બહાર નીકળવાના છે, અંદરથી સુંદર ક્રોકરી બહાર આવી રહી હતી. કપરકાબી ફાઈલો કરતા તાજા લાગતા હતા કારણ કે એમને આવનાર જનાર અને અંદર બેસનારને 'ચા' પીવડાવવાની ટેવ હતી.ફાઈલોનો એક મોટો ઢગલો બહાર આવ્યો. કેટલા બધા પ્રશ્નો ઉકેલાઈ ગયા હશે ! ચંદ્રંભદ્રને આવા વિચારો આવતા હતા કારણ એણે નક્કી કર્યું હતું કે હવે 'પોઝિટીવ' રહેવું છે. સાહેબના રુમમાંથી ફાઈલો અને મુલાકાતીઓનો એક લૉટ નીકળ્યો એટલે આશા જાગી હતી કે હવે પ્રવેશ મળશે. પણ સૌથી જાડા અને ગંદા લાગતા પટાવાળાએ બહાર આવીને કહ્યું, 'હમણાં કોઈ અંદર ના જતા.. સાહેબને ફોન ચાલે છે.' ચંદ્રંભદ્રે મેગેઝિન તરફ દયાળું નજરે જોયું, એક અધિકારી એની સામે પડેલી અરજીને જોવે તેમ, અને પછી ઉપાડ્યું નહીં, વાંચ્યું નહીં, ખોલ્યું પણ નહીં. ચંદ્રંભદ્રના પત્ની આજે સવારે જ એમની નણંદને કહેતા સંભળાયા હતા, 'બહેન ! કોણ જાણે પણ તમારા ભાઈ હવે વધું આધ્યાત્મિક થઈ જાય તેવી શંકા પ્રબળ થતી જાય છે... આ પણ એક પ્રમોશન જ કહેવાય ને !!"

ચંદ્રંભદ્ર હવે ગાંધીનગરના મગજ, મિજાજ અને મિજાગરા સમજવા લાગ્યા હતા.

ડાયરાની આજ-કાલ...!!

રજળપાટ
અજય ઉપાધ્યાય

'ડાયરો' આવો શબ્દ સાંભળતા જ મને ને તમને સ્ટેજ પરથી ગુજરાતી લોકસંગીત કે ગુજરાતી લોકવાર્તા કે ગુજરાતી લોકસાહિત્ય ઓછું ને ભજન કે લોકગીતોના ઢાળમાં હિન્દી ફિલ્મી ગીતો ગાંગરતા કે પછી પબ્લિસિટીમાં રહેવા માટે કઈપણ કરી છૂટતા ડાયરાના સો-કોલ્ડ કલાકારો દેખાય તો એમાં મારી ને તમારીની સાથે સાથે લોકસાહિત્ય અને લોકસંગીતની કમનસીબી છે એમ સમજજો. વાત એ નથી કે બદલાયેલ સમયમાં લોકોને ચાલુ ડાયરામાં કે ડાયરાના નામે 'તુ મેરી આશિકી હે ...' ગાતા કલાકારો પસંદ છે કે નહીં પણ મૂળ વાત એ છે કે ડાયરાના નામે લોકસંગીત સાથે કે લોકવાર્તાઓ સાથે આવી છેડછાડ કેટલી વાજબી છે ..? ખેર એક આખી પેઢી છે કે જેને મન ડાયરો એટલે દુહા-છંદ-લોકગીતોની સાથે સાથે લોકવાર્તાઓની જુગલબંદી .. એક આખી પેઢી છે કે જેણે રાતથી શરૂ થયેલો ડાયરો છેક પરોઢ સુધી માણ્યો છે .. એક આખી એવી પેઢી છે કે જેનું કાળજું ડાયરાના નામે થતાં આવા તાયફાઓ જોઈને ચિરાઈ જાય છે .. વલોવાય જાય છે .. અકળાય જાય છે . ' જમાનો બદલાયો છે અને લોકોને આવું જ ગમે છે ' એવા તકલાદી બહાનાઓ નીચે આજના ડાયરાવીરો પર થતો રૂપિયાના વરસાદમાં અસલ ડાયરો ક્યાંક ગુમ થઈ ગયો છે .

લખવાનો ઈરાદો આજકાલના ડાયરાવીરોને ઉતારી પાડવાનો હરગીઝ નથી પણ આજકાલ જે રીતે ડાયરાને ગ્લેમરાઈઝ અને જાતજાતના ગતકડાઓ દ્વારા શુશોભિત કરવામાં આવી રહ્યો છે એમાં ક્યાંક ને ક્યાંક અસલ ડાયરો ગુમ થઈ ગયો છે એનું દર્દ અને એનો વિષાદ રજુ કરવાનો છે . અસલી ડાયરામાં તો લોકકલાકાર જેવો કોઈ વાર્તા માંડે કે કોઈ ભજનીક દુહા-છંદ ઉપાડે અને વાર્તામાં તળપદી ભાષામાં વપરાતા શબ્દોનો પ્રભાવ અને એની અસર તમારા પર એવી થવા માંડે કે જો વાર્તામાં યુદ્ધનું વર્ણન હોય તો તમારા રૂવાડા ઊભા થયાં વગર રહે નહીં અને જો સંગીત કે ભજનની બઘડાટી બોલતી હોય તો તમે સંગીત અને શબ્દોમાં એકરસ થયાં વગર રહો જ નહીં . ભીખુદાન .. દિવાળીબેન .. પ્રફુલ દવે ...નીરંજન પંડયા .. પ્રાણલાલ જોશી .. દમયંતિ બરડાઇ .. કાનજી બારોટ જેવા કલાકારોને ક્યારેય ડાયરામાં કોઈ ચિપ પબ્લિસિટીની કે કોઈ ગતકડાની જરૂર પડી જ નહોતી કેમકે એમની પાસે ડાયરાની – લોકગીતોની – લોકસંગીતની સાચી અને લોકોના દિલમાં સોંસરવી ઉતારી જાય એવી કળા હતી કે હજુયે છે . જ્યારે આજે નો ડાઉટ ડાયરો વધુ ગ્લોબલ અને વધુ ઝાકમઝોળ બની ગયો છે પણ ડાયરાનો સાચો રંગ અને એની સાચી મજા અને એનો અસલ મિજાજ આજે ક્યાંક ખોવાઈ ગયો છે . બે કે ચાર કલાક ડાયરામાં બેસીને બહાર નીકળતી વખતે તમને કશુંક પામ્યાનો કે કશુંક સારું સાંભળ્યાનો સંતોષ ઓછો મળે છે .

અને એનું કારણ બદલાયેલ જનરેશન અને સમય તો છે જ પણ એનું એક બીજું કારણ ડાયરાના કલાકારોની અસલ લોકસંસ્કૃતિ- લોકસંગીતને એમ ને એમ જ રજુ કરવાની ઓછી કાબેલિયત અને ઓછી ઈચ્છા પણ સામેલ્ છે . એવું નથી કે બધા જ આવા ગતકડાઓના શિકાર બની ગયા છે . હજુ પણ એવા ઘણા કલાકારો છે જેની પાસે સાચી ડાયરાવિદ્યા સચવાયેલી છે પણ થયું છે શું કે ' બોલે તેના બોર વેચાય ' એ ન્યાયે આજકાલ ડાયરો , ડાયરાનું આયોજન અને ડાયરાના કલાકારો આ બધુ જ એક સીમિત સર્કલમાં સમાઈ ગયું છે . ગામડાઓમાં વાળું પછી સાંજે ચોરાના ચોકે કે પાદરે લોકો ભેગા થઈને અલકમલકની વાતું કરતાં કે ભજનો ગાતા એને લોકબોલીમાં ડાયરો કહેવાતો એ ઉપરાંત રાજા-રજવાડાની ડેલીએ કે દરબારમાં ડાયરો ભરાતો કે જ્યાં રાજ્યના અને બહારના આમંત્રિત કલાકારો પોતાની કલાનું પ્રદર્શન કરતાં . આઝાદીની ચળવળ વખતે આ ડાયરાઓએ લોકોમાં દેશભક્તિનો જુવાળ ઊભો કરવાનું કામ પણ કર્યુ . આઝાદી પછીથી ડેલીએ ભરાતો ડાયરો જાહેરમાં ભરાવા લાગ્યો . મુખ્યત્વે ડાયરામાં અશિક્ષિત વર્ગને કે શ્રોતાઓને જ્ઞાન , બોધ અને હકીકતનું ભાન કરાવતી લોકવાર્તાઓ અને લોકગીતો દ્વારા મનોરંજનની સાથેસાથે ઉપદેશ મળવાનો હેતુ રહેતો . આમ પણ ડાયરાના મોટાભાગના કલાકારો ઓછું કે સાવ નહીં એટલું ભણેલા હતા પણ એમના કંઠેથી રજુ થતું સાહિત્ય પેઢી દર પેઢીથી તેમણે સાંભળેલું કે અનુભવેલું રહેતું . મોટાભાગે તો લોકવાર્તાઓ કે લોકગીતો જાણીતા જ રહેતા પણ ડાયરાનું મુખ્ય આકર્ષણ એની રજૂઆત અને રજુ કરનાર વ્યક્તિની યોગ્યતા રહેતી . ડાયરાનો કલાકાર પોતાના પહાડી – બુલંદી અવાજમાં જે પણ કોઈ વાત રજુ કરતો એમાં મર્મની સાથે સાથે હાસ્ય અને જ્ઞાનનો એવો સમન્વય રહેતો કે આખું કુટુંબ સાથે બેસીને ડાયરો માણી શકતો . ડાયરાની મજા એ છે કે એમાં ખાસ કોઈ ભારેખમ શબ્દોનો પ્રયોગ નથી થતો , જે મોટાભાગનું સાહિત્ય રજુ થાય છે એ લોકબોલીમાં અને લોકોને સમજાતી શૈલીમાં જ હોય છે અને આને લીધે વધુ ને વધુ લોકો મંચ પરથી રજુ થતા લોકગીત , વાર્તા કે રમૂજની સાથે પોતાને કનેક્ટ કરી શકે છે અને આ જ છે ડાયરાની મજા.

ડાયરો નામ પડતાં જ સૌરાષ્ટ્ર વધુ યાદ આવી જાય તો એ એટલા માટે પણ વાજબી છે કે ડાયરાની જાહોજલાલી અને એનો વ્યાપ આજે પણ સૌરાષ્ટ્રમાં વધુ છે અને ડાયરાના કલાકારો પણ સૌરાષ્ટ્રના વધુ છે . ગુજરાતભરમાં કે દેશના સીમાડાની બહાર થતાં ડાયરાઓમાં સમય મુજબ પરિવર્તન આવ્યું છે એની ના નહીં પણ ડાયરાના જૂના ઘણા કલાકારોને આજના ડાયરાઓ માટે એ ફરિયાદ છે કે પૈસાની લાલચમાં ડાયરાઓમાં કઈ પણ પીરસાઈ રહ્યું છે . એમનું માનવું છે કે સસ્તી પ્રસિધ્ધિ માટે શોર્ટકટ અપનાવતા કલાકારોએ એ યાદ રાખવું પડે કે ડાયરાની આ વિદ્યા મેઘાણી - કવિ કાગ – દિવાળીબેન - હેમુ ગઢવી જેવા ધૂરાંધરોની દેણ છે અને આવા દીગજજોની ગરિમા ઘટે એવા પ્રયાસો થાય તો એ નીંદનીય છે . શ્રોતાનું તો શું છે કે એમને મનોરંજન જોઈએ પણ શું અને કેવું મનોરંજન પીરસવું એ તો સ્ટેજ પર બિરાજમાન કલાકાર પર નિર્ભર છે . ક્ષણિક વાહવાહી માટે થઈને આવી અમૂલ્ય પરંપરા અને લોકસાહિત્યને અવગણવું એ ડાયરાની ઘોર ખોદવા જેવુ કામ છે આવું ઘણા જૂના કલાકારો આજે પણ માને છે . પહેલા તો ડાયરો એક સીમિત દાયરામાં અને સીમિત કલાકારો સાથે થતો પણ હવેના ડાયરાઓ મલ્ટીઆર્ટિસ્ટ બની ગયા છે . લોકોને ટૂંક સમયમાં વધુ મનોરંજન જોઈએ છે કદાચ એનું પણ આ પરિણામ હશે . આધુનિક ડાયરામાં પણ પહેલા વાર્તાઓને સંતવાણી વધુ આવતી પણ ધીમે ધીમે સમય બદલાતા ફિલ્મીગીતો અને જોકસ જેવી લોકરંજક વાતોએ એનું સ્થાન લઈ લીધુ છે. પહેલાના ડાયરાઓમાં પૈસા નહોતા ઉડાડવામાં આવતા કેમકે એને લક્ષ્મીનું અપમાન ગણવામાં આવતું જ્યારે આજે તો ઉડાડેલા રૂપિયાના ઢગલામાં કલાકારને શોધવો પડે ..!!!

ગુજરાતી લોક ડાયરો તે ગુજરાતી લોક સાહિત્યનુ એક અભિન્ન અંગ છે. જેમાં ગીતો , દુહા , છંદ , સાહિત્યની વાતો જેમાં પ્રેમકથાસ વ્રતકથાસ હાસ્યકથા કે ટૂચકાસ કહેવત કે દ્રષ્ટાંતકથાસ શૌર્યકથા કે વીરગાથાસ અદભુતકથાસ દંતકથાસ શિકારકથાસ સાહસકથાસ સંતકથાસ ભૂતકથા કે ચમત્કારોની કથાઓને સમાવતી લોકવાર્તાઓ , વીર , હાસ્ય , કરૂણ , શૌર્ય જેવા અનેક રસો સામેલ્ હોય છે . ડાયરો એટલે ખાલી ' મજા આવી .. મજા આવી ' નહીં .. ડાયરો એટલે કોઈ સસ્તું મનોરંજન નહીં .. ડાયરો એટલે પબ્લિસિટી ગીમીકસ નહીં .. ડાયરો એટલે લક્ષ્મીનું – સ્ટેટ્સનું વરવું પ્રદર્શન નહીં .. પણ ડાયરો એટલે જેમાં બે કે ચાર કલાક બેસીને બહાર નીકળતો માણસના ચહેરા પર અને જિગરમાં કશુંક નવું જાણ્યું .. કશુંક નવું સાંભળ્યું કે સંસ્કૃતિની-સમાજની-પ્રદેશની કોઈ ભુલાયેલી વાત ભૂતકાળમાંથી સજીવન થઈને સંતોષ-આનંદ આપી ગઈ એવો ભાવ . આજે ડાયરો વધુ ઝગમગતો તો થયો છે , કલાકારો પણ લાખો કમાતા થયાં છે પણ ડાયરાની એ અસલ મજા ગુમ છે કે ઓછી થતી જાય છે .

akurjt@gmail.com